NCS Code: 2651.0600, CCode: MC004

# કાર્ટૂનિસ્ટ

કાર્ટૂનિસ્ટ, કાર્ટૂન (વ્યંગ ચિત્ર) અથવા કોમિક્સ રેખાંકિત કરી તૈયાર કરે છે. કાર્ટૂનિસ્ટ સામાન્ય રીતે એક અનન્ય દ્રષ્ટિકોણને ઊજાગર કરવા માટે વ્યંગ/રમૂજનો ઉપયોગ કરે છે. તેઓ મૂવી સ્ટુડિયો, સામયિકો, અખબારો અને મીડિયાના અન્ય સ્વરૂપો માટે કૃતિઓ તૈયાર કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે રેખાચિત્રો દોરવામાં રૂચિ ધરાવો છે
- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમારી પાસે વ્યંગ દ્રષ્ટ્રી છે
- તમે એક કુશળ સંવાદકર્તા છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૩૨,૯૦૦ થી ૯૪,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ફાઈન આર્ટ્સ અથવા એનિમેશન અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

ફાઈન આર્ટસ અથવા એનિમેશન અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતક પૂર્ણ કરો અને ત્યારબાદ, તે જ અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

એનિમેશન અથવા કોઈપણ સંબંધિત ક્ષેત્રમાં ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કારકિર્દીની શરૂઆતમાં કાર્ટૂનિસ્ટનું અંદાજીત માસિક વેતન **રૂ. ૨૫,૪૦૦ થી ૬૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત : https://bit.ly/3GPIjPn

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** અખબારો, સામયિકો, પબ્લિશિંગ હાઉસ, ગેમિંગ કંપનીઓ અને સ્ટુડિયો વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ :** સામાન્ય રીતે તમે ઓફિસ અથવા સ્ટુડિયોમાં કામ કરશો. કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ છે. નોકરીમાં કમ્પ્યૂટર નો વ્યાપક ઉપયોગ થાય છે. તમારી પાસે સમયમર્યાદામાં કામ પુરું કરવાની અપેક્ષા રાખવામાં આવશે. પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે તમારે દિવસના વધુ કલાકો ફાળવવા પડી શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

કાર્ટૂનિસ્ટ → વરિષ્ઠ કાર્ટૂનિસ્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ચિત્રકાર, સ્કેચિંગ આર્ટિસ્ટ, કાર્ટૂનિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

### સરકારી સંસ્થાઓ

૧. એન.આઈ.એફ.ટી., નવી દિલ્હી
૨. જામિયા મિલિયા ઈસ્લામિયા, નવી દિલ્હી
૩. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, અમદાવાદ
૪. અલ્હાબાદ ડિગ્રી કોલેજ, પ્રયાગરાજ
૫. એમ.એસ.યુ., વડોદરા
૬. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, રાંચી
૭. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, દિલ્હી
૮. ગવર્નમેન્ટ કોલેજ ફોર આર્ટસ, ચંદીગઢ

### ખાનગી સંસ્થાઓ

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. માઈકા (એમ.આઈ.સી.એ.), અમદાવાદ
૨. યુ.આઈ.ડી., અમદાવાદ
૩. સેન્ટર ફોર ક્રિએટિવ આર્ટસ એન્ડ ડિઝાઇન, બેંગ્લોર
૪. પર્લ એકેડમી, નવી દિલ્હી
૫. એટોન્સ સ્કૂલ ઓફ એનિમેશન, નવી દિલ્હી
૬. ઝી ઈન્સ્ટિટ્યુટ ઑફ ક્રિએટિવ આર્ટ (ઝીકા) સ્ટુડિયો, મુંબઈ
૭. એપિજય ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, નવી દિલ્હી
૮. આઈ.એલ.એસ.એ.એસ.એસ., આણંદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

### ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

### ઓનલાઈન અભ્યાસક્રમો

- NPTEL * સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=animation
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

**મને સ્કેન કરો**

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

કાર્ટૂનિસ્ટ **કનિકા મિશ્રાએ** લખનૌ કોલેજ ઓફ આર્ટસ એન્ડ ક્રાફ્ટ્સમાંથી ફાઈન આર્ટ્સમાં અનુસ્નાતકની પદવી હાંસલ કરેલ છે. તેણીની રચના 'કર્ણિકા કાહેન' એક સામાન્ય મહિલા છે જે સામાજિક મુદ્દાઓ અને વર્તમાન વિષયો પર ટિપ્પણી કરે છે. તે દેશના સૌથી લોકપ્રિય કાર્ટૂનિસ્ટ પૈકીની એક છે જે મોટાભાગે તેમના કાર્ટૂન માટે ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. *

સ્રોત : https://www.femina.in/achievers/kanika-mishra-is-using-her-cartoons-to-drive-social-change-5278.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.